Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ અષાઢ

માનવીની મહત્તા શાના ઉપરથી અંકાય તેનું કોઇ સર્વસામાન્ય માપ કે ધોરણ હજી સુધી તો નક્કી થયું નથી અને કયારેય થાય કે કેમ તે શંકા છે. છતાં એમ કહેવાય કે કોઇ માનવીએ એક ક્ષણભર પણ બીજા દીનદુઃખી બાંધવોને સુખ આપવા માટે સાચા દિલથી પ્રયાસ કર્યો હોય અને તેમનાં આંસુ લોહ્યાં હોય કે અનેક વ્યક્તિઓને જીવન જીવવામાં ઉપયોગી નીવડે કે માર્ગદર્શક થાય તેવાં કાર્યો કર્યાં હોય તો તેને મહાન કહેવાય.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૨ ] જુલાઈ : ૧૯૭૫ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | નવકાર સ્તવન | ... | શ્રી હેમચન્દ્રવિજયજીના શિષ્ય મુ પ્રદ્યુમ્નવિજય | ૧૪૫ |
| ૨. | વાસનાનું સૂક્ષ્મ બીજ | ... | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૪૬ |
| ૩. | વીરમર્દ ખુશાલ ચેખલીયા | ... | રતિલાલ મફાભાઈ શાહ | ૧૫૧ |
| ૪ | વાણીનો સંયમ | ... | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૫૩ |
| ૫. | તેજસ્વી પરિણામો | ... | — | ૧૫૭ |
| ૬. | ૨૦૨૯નો હિસાબ સરવૈયુ | ... | — | ૧૫૮ |
| ૭. | પુસ્તક પરિચય | ... | — | ૧૬૨ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## દોશી રમેશકુમાર મનસુખલાલ – ભાવનગર

## જાહેરાત

"આત્માનંદ પ્રકાશ"નો આગામી શ્રાવણ-ભાદ્રપદનો સંયુક્ત અંક "પર્યુષણ ખાસ અંક" તરીકે તા. ૨૨-૮-૭૫ અરસામાં પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારી તેમજ પોસ્ટના વધેલા દરને અંગે આ માસિક ખોટમાં ચાલે છે. એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને અંકને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમો એ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી વિશેષ રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ, અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે તો વિદ્વાન આચાર્યો મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો તા. ૫-૮-૭૫ સુધીમાં બને તેટલા વેલાસર મોકલી અમોને આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેરખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે. તો વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ-સંસ્થાઓને અમારી વિનંતિ છે કે પર્યુષણ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપીને અમોને આભારી કરે.

**: જાહેરાતના દર :**

| | | | |
|---|---|---|---|
| અંદરનું પેજ આખું | : રૂા. ૫૦-૦૦ | પેજ અર્ધું | : રૂા. ૩૦-૦૦ |
| ટાઈટલ પેજ બીજું અથવા ત્રીજું | : રૂા. ૬૦-૦૦ | ટાઇટલ પેજ ચોથું | : રૂા. ૭૫-૦૦ |

આપનો લેખ અગર જાહેરખબર તરત મોકલી આભારી કરશો.

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી વૃજલાલ રતિલાલ શાહ

(દૂધના દલાલ)

## જીવનની ટૂંકી રૂપરેખા



શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં આત્માર્થીના લક્ષણુ બતાવતા એક ગાથામાં કહ્યું છે કે, "કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ; ભવખેદ, પ્રાણી દયા ત્યાં આત્માર્થ નિવાસ." આત્માર્થીના આવા લક્ષણોનો જેના જીવનમાં મહદ્ અંશે આવિર્ભાવ થયો છે, તે શ્રી. વૃજલાલ રતિલાલ શાહનો જન્મ તલાજાની નજીકના પીથલપુર નામે એક નાના ગામડામાં ઇ. સ. ૧૯૨૨ ના ડીસેમ્બર માસમાં થયો હતો. ગામમાં તેમના દાદા શ્રી. ગાંગજી કેશવજીના નામથી મોટી પેઢી ચાલતી હતી. ગાંગજી શેઠને એક જ પુત્ર તે શ્રી. વૃજલાલભાઇના પિતાશ્રી રતિલાલભાઈ. રતિલાલભાઈના એકના એક પુત્ર તે શ્રી. વૃજલાલભાઈ. ધરતીકંપના આંચકામાં મોટા મોટા મકાનો અને વિશાલ વૃક્ષોને ધરાશાયી થતા જેમ વાર લાગતી નથી, તેમ ગાંગજી કેશવજીની પેઢી પણ ઈ સં. ૧૯૩૨માં મહામુશ્કેલીમાં આવી પડી. આ પેઢીનું મુખ્ય કામકાજ ખેતીવાડી અને ધીરધારનું હતું. વૃજલાલભાઈની ૧૩ વર્ષની વયે તેમના માતુશ્રી ચંદનબેનનું દુઃખદ અવસાન થયું.

વૃજલાલભાઈ ને ત્રણ બહેનો, જશુમતીબહેન, હીરાબહેન, અને વસંતબહેન. ઘરમાં મુખ્ય સતાનમાં વૃજલાલભાઈ એક જ, એટલે નાની વયે જ તેમના પર મોટી જવાબદારી આવી પડી. પોતાની બે બહેનોને ઉત્તમ શિક્ષણ મળી શકે એ દૃષ્ટિએ પાલીતાણા શ્રાવિકાશ્રમમાં દાખલ કર્યા. એ વખતે કુટુંબ આર્થિક દૃષ્ટિએ એટલું બધું ઘસાઈ ગયેલું કે વાર્ષિક લવાજમ ભરી શકાય તેમ ન હતું. વૃજલાલભાઇએ પાછળથી આ સંસ્થાનું ઋણ બેવડી રીતે વાળી દીધું. લવાજમની કુલ થતી રકમને બેવડી કરી સંસ્થાને તેણે આપી દીધી એટલું જ નહિ, પણ ચાર બહેનો પોતાના સ્કોલરો તરીકે વગર લવાજમે ભણી શકે, એ રીતે દાન કરી સંસ્થાના વિકાસ કાર્યને વેગ આપ્યો. જે જીવ આત્માર્થી હોય તેને નાનકડા ઋણનો બોજો પણ મોટો લાગે છે, એ વાત વૃજલાલભાઇના જીવનમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે.

ઈ. સ. ૧૯૪૦મા અઢાર વર્ષની વયે વૃજલાલભાઇ મુંબઇ આવ્યા. તેમનો અભ્યાસ તો નામનો હતો, પણ તક તકાસવાની સાવધાનતા તેમજ તકને પકડી લેવાની કુશળતા તેમજ હિંમત તેમનામાં અજબ પ્રકારની છે. અત્યંત દુઃખના દિવસોમાંથી તેઓ પસાર થયા છે. ઈ. સ. ૧૯૪૭માં તેમના પિતાશ્રીનું જ્યારે મુંબઇમાં દુઃખદ અવસાન થયું ત્યારે તેમની પાસે કુલ મૂડી માત્ર બે આનાની હતી. ઉપર આભ અને નીચે ધરતી જેવી એમની દશા હતી. તેઓના અત્યંત દુઃખી દિવસોમાં તેમને અનેકનો સધિયારો જો કે મળ્યો, છતાં તે સૌમાં ત્રાપજવાળા શ્રી વ્રજલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રતિલાલ શાહ તરફથી પ્રાપ્ત થયેલ સધિયારો તેઓ આજે પણ ભૂલ્યા નથી. તેમણે કરેલી સહાયની વાત તેઓ આજે પણ ગળગળા બની જઈને કરે છે. કોઈએ કરેલા ઉપકારને કદી પણ ન વીસરવો, એ એક શ્રેષ્ઠ ગુણ છે અને આવો માણસ જીવનમાં કોઈ ને કોઈ વખતે રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કર્યા વિના રહેતો નથી.

એક વિદ્વાને કહ્યું છે કે જગતમાં જેણે દુઃખ જોયું નથી કે અનુભવ્યું નથી, તે માણસ આ જગતનો સૌથી કંગાલમાં કંગાલ માણસ છે. દુઃખને જે જાણતો નથી, તે સુખને માણી શકતો નથી. ઈ. સ. ૧૯૬૦ની આસપાસ શ્રી. વૃજલાલભાઈ ક્ષય જેવા જીવલેણ રોગમાં સપડાઈ ગયા. પણ કહેવાય છે કે પ્રારબ્ધરૂપી વિદ્યુતના જેને ઝપાટા લાગે છે, તેવોજ માણસ પવિત્ર બને છે. જીંથરી હોસ્પીટલમાં રહી તેઓ રોગમુક્ત બન્યાં. આજે તો તેમને જોઈ કોઈ કલ્પના પણ ન કરી શકે કે તેમને ભૂતકાળમાં ક્ષય થયો હતો.

શ્રી. વૃજલાલભાઈ જોકે સુખી અને સાધન સંપન્ન છે, તેમ છતાં તેમનું જીવન અને રહેણી કરણી તદ્દન સાદા અને આડંબર વિનાના છે. મોટાઈનું નામ નહિ કે પૈસાનું કશું ગુમાન નહિ. પોતાના ધંધામાં જે કમાણી થાય છે, તે રકમના પોતાની જાતને માલિક ન માનતાં પોતે તેના ટ્રસ્ટી હોય એ પ્રમાણે વર્તે છે. પરિગ્રહ વૃત્તિથી તેઓ સદંતર મુક્ત છે. આ કારણેજ મહાવીર જૈન વિદ્યાલયમાં એક સ્કોલર, તલાજા કન્યા છાત્રાલયમાં બે સ્કોલર, શ્રાવિકાશ્રમ પાલીતાણામાં ચાર સ્કોલર તેમજ મહુવા જૈન ગુરુકુળમાં પોતાના વતી એક વિદ્યાર્થી વગર લવાજમે અભ્યાસ કરી શકે તે રીતે તેમણે દાન આપ્યું છે. દયા અને અનુકંપાના ગુણો તેમને જન્મગત વારસામાંજ પ્રાપ્ત થયા છે.

પૂજ્ય આચાર્યદેવ શ્રી મેરુપ્રભસૂરિજીના ઉપદેશથી તાજેતરમાં ભાવનગર શાસ્ત્રીનગરમાં બંધાતા ભવ્ય જિનાલયનુ ખાતમુહૂર્ત તેમણે કર્યું છે, તેમજ મંદિર અર્થેના સર્વ પ્રકારના આદેશો તેમણે લીધાં છે. જિનાગમ અને જિનબિંબને પંચમકાળમાં સંસારરૂપી સમુદ્ર તરવાનાં મુખ્ય સાધનો માનવામાં આવ્યા છે. આ રીતે જિનાલય અને જિનબિંબની વ્યવસ્થા કરવામાં શ્રી. વૃજલાલભાઈએ અગ્રભાગ લઈ જે અનેરો ઉત્સાહ બતાવ્યો છે, તે માટે જૈન સમાજ કાયમ માટે તેમનો ઋણી રહેશે. પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય, ત્યારેજ આવા કાર્યની ભાવના ઉત્પન્ન થાય છે અને લક્ષ્મી પણ એજ પ્રકારની હોય તોજ આવા પવિત્ર માર્ગે વપરાય છે.

શ્રી. વૃજલાલભાઈના લગ્ન ઈ. સ. ૧૯૪૬માં માનગઢ નિવાસી શ્રી. નાગરદાસ શામજીની સુપુત્રી કાંતાબહેન સાથે થયા છે. પતિનો પુરુષાર્થ અને પત્નીનું ભાગ્ય એ બંનેનું સુભગ મિલન તેમના દાંપત્ય જીવનમાં કામ કરી ગયું છે. શ્રી. કાંતાબહેનનો અભ્યાસ તો માત્ર નહિ જેવો છે, પણ તેમનો અતિથિ સત્કાર, સંસ્કાર અને સૌજન્ય વિશિષ્ઠ પ્રકારના છે. દાંપત્ય જીવનના ફળરૂપે તેમને ત્યાં એક પુત્ર ચિ. હિતેન્દ્ર અને ત્રણ પુત્રીઓ ચિ. મિનાક્ષી, જાગૃતિ અને રેખાનો જન્મ થયો છે. પતિ પત્ની બંનેએ કુટુંબ સાથે ઈ. સ. ૧૯૬૭માં સમેતશિખરજી અને પૂર્વના તમામ તીર્થોની જાત્રા કરવાનો લહાવો લીધો છે. ઈ. સ. ૧૯૭૧માં બંને જણાએ સાથે નવાણું જાત્રા કરવાનો પણ લાભ લીધો છે.

આવા ધર્મનિષ્ઠ, સચ્ચરિત અને ઉદાર શ્રી. વૃજલાલભાઈ આ સભા સાથે પેટ્રન તરીકે જોડાયા એ માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમને દીર્ઘાયુષ્ય ઈચ્છી જૈન સમાજ તેમજ લોકકલ્યાણના અનેક શુભ કાર્યો તેમના હાથે થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ અષાઢ ∴ ઈ. સ. ૧૯૭૫ જુલાઈ [ અંક : ૯

## નવકાર સ્તવન

( પ્રાર્થના )

આવો ! આવો ! મનમંદિરમાં અમૃતમય નવકાર,
આપો ! આપો ! મુજ રંક જીવને બોધિરયણ ભવહાર.
કરુણાસાગર ! તારક ! ભવિના પરમેષ્ઠી ભગવાન,
ગરભાવાસ દૂરે મુજ કરજો દેજો સમકિતદાન. ૧
અનંત અગણિત કીધાં તેં તો પામર પર ઉપકાર,
સમરતા પણ પાતિક હરતો હરતો દુઃખ અંધકાર. ૨
હલન ચલન કરતા નિદ્રામાં સૂતા નવિ વિસરાય,
તુજ પદ પંકજમાં મુજ મનડું ભ્રમર થઈ લહેરાય. ૩
જિમ જિમ જાપ જપુ હું તિમ તિમ પ્રગટે રાગ,
અક્ષર અક્ષર અસંખ્ય વિદ્યા મંત્ર યંત્ર અગાધ. ૪
ધન્ય જીવન અતિ ધન્ય ઘડી આ જયાં જપતાં નવકાર,
હૃદય ધન્ય તે ભવ્ય જીવોના ધ્યાન ધરે દિન રાત. ૫
રોમ રોમ વિકસે નયણા મેં હર્ષ આંસુ ઉભરાય,
જપ વાણીથી ગદ્ગદ્ હૈયું ઉર આનંદ ન માય. ૬
જપ જપતા નવકારનો રુડો જગમાં દીસે નવકાર,
ભેદ જ્ઞાનથી અભેદ સાધુ હું પામુ ભવનો પાર. ૭

રચયિતા : ઉપા. શ્રી હેમચન્દ્રવિજયજીના
શિષ્ય પ્રદ્યુમ્નવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાસનાનું સૂક્ષ્મ બીજ

લેખકઃ—મનસુખલાલ તારાચંદ મહેતા

વસંતપુરના રાજા સિંહસેન અને રાણી સિંહલા-ને બે તેજસ્વી પુત્રોનો જન્મ થયા પછી, એક કન્યા રત્નનો જન્મ થયો. પોતાના સંતાનોની બાબતમાં માતાને પુત્ર કરતાં પુત્રી તરફ વધુ મમતા હોય છે, કારણ કે તેને પારકે ઘેરે મોકલ-વાની હોય છે. બંને પુત્રો સસક અને ભસક જેવા બળવાન હતા, તેવી જ તેજસ્વી અને પ્રતાપી પુત્રી પણ હતી. સુકોમળ અંગો અને દિવ્યરૂપ હોવાના કારણે માતાએ તેનું નામ સુકુમાલિકા રાખ્યું હતું.

બંને રાજકુમારોમાં સહસ્ત્ર યોદ્ધાઓને હરાવી શકવાની શક્તિ હતી, પણ પૂર્વ જન્મની આરાધનાને કારણે બંનેનું વલણ મૂળથી જ ત્યાગ, તપ, સંયમ પ્રત્યે હતું. માનવીને બુદ્ધિ તેના કર્માનુસાર મળતી હોય છે. બંને ભાઇઓ સમજતા હતા કે વાસનાનો અંત એ જ સર્વ સુખનું મૂળ છે અને તેના માટે શ્રેષ્ઠ માર્ગ ચારિત્ર ધર્મ છે. તેથી જ તો કહેવાય છે કે ચક્રવર્તીને જે સુખ નથી અને જે સુખ ઇંદ્રને પણ નથી, તે સુખ અહીં લોકૈષણા રહિત સાધુને હોય છે

એક વખત વસંતપુરમાં ધર્મઘોષ આચાર્ય પધાર્યા હતા. આચાર્યશ્રીના ઉપદેશથી બંને ભાઈઓને સંસારના ક્ષણિક સુખો અને અસારતાનું ભાન થતા, બંને જીવો જેના માટે લાયક હતા, તેવા જ અનુકૂળ સંયોગો ઉત્પન્ન થયા. સોનામાં સુગંધ મળવા જેવું થયું. માતા પિતાની સંમતિ-પૂર્વક બંને ભાઇઓએ દીક્ષા લીધી અને 'ઝરણું વહેતું ભલું, સાધુ ફરતો ભલો' કહેતી મુજબ બંને જણા ગુરુ સાથે વસંતપુરથી વિહાર કરી ગયા.

જે વીર્ય, રજ અને લોહીમાંથી સસક અને ભસકનો જન્મ થયો હતો, તે જ વીર્ય, રજ અને લોહીમાંથી દિવ્યરૂપ સુકુમાલિકા જન્મી હતી. બંને ભાઇઓએ દીક્ષા લીધી ત્યારે તો તે નાની હતી, પણ જેમ જેમ તે મોટી થતી ગઇ તેમ તેમ તેનું મન પણ ત્યાગ ધર્મ પ્રત્યે ખેંચાયું. આત્માનો ધર્મ ત્યાગ-તપ-સંયમ છે, દેહ અને ઈન્દ્રિયો ભોગ, વિલાસ અને વૈભવ પ્રત્યે ખેંચાય છે, કારણ કે એ બધામાં સુખની ભ્રાન્તિ થતી હોય છે. પરંતુ અંતે તો તે માણસને નાશના પંથે જ ઘસડી જાય છે. તેથી જ તો જ્ઞાનીઓએ ભોગ અને રોગ વચ્ચે ભેદ નથી જોયો ભોગોમાં તો કૂતરા અને ભૂંડો પણ રચ્યા પચ્યા રહે છે, એવું જોઇ સુકુમાલિકાએ પણ વડીલ બંધુઓની માફક ત્યાગ ધર્મ અપનાવ્યો. વૈભવ વચ્ચે રહી વૈભવથી તે અલિપ્ત રહેવા લાગી. અનેક રાજવી-ઓની તેના પર દૃષ્ટિ હતી, પણ પછી તો તેણે એક જ્ઞાન વૃદ્ધ સાધ્વીજી પાસે દીક્ષા ગ્રહણ કરી.

તેના રૂપની પ્રસિદ્ધિ ચારે તરફ થઈ ગઈ હતી એટલે દીક્ષા બાદ વિહાર કરી જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાંના લોકો આ તેજસ્વી અને સ્વરૂપ-વાન સાધ્વીજીની આસપાસ ઘૂમવા લાગ્યા. લોકોને આવતા અટકાવી તો ન શકાય, પણ તેઓની મલિન દૃષ્ટિ ગુરુણી અને સુકુમાલિકાથી છૂપી ન રહેતી. વધુ પડતું રૂપ, વધુ પડતું ધન અને વધુ પડતો વૈભવ, મોટા ભાગે આશીર્વાદ રૂપ બનવાને બદલે ઉપાધિ રૂપ જ બની જતાં હોય છે. પછી તો સુકુમાલિકા સાધ્વી તેના ગુરુણી સાથે મોટા ભાગે નગરોમાં ન જતાં ગામડામાં જ વિચરતા.

ત્યાગ, તપ અને સંયમના માર્ગે જતાં પણ આવી વિડંબના ઊભી થશે, એવી તો સાધ્વીજીને કલ્પના જ ન હતી. દેહના રૂપને ટાળવા, રૂપમાંથી અરૂપ પ્રાપ્ત કરવા માટે સાધ્વીજીએ ઉગ્ર તપનો આશ્રય લીધો. લોકોની નજર પોતાના પર ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડે તે માટે, તપ દ્વારા સાધ્વીજીએ કાયાને હાડપિંજર જેવી કરી નાખી. દેહ એટલો જીર્ણ અને શુષ્ક બની ગયો કે ચાલતી વખતે, દેહના હાડકાં પણ ખડખડવા લાગ્યા. બોલે ત્યારે છાતીની ઉંચી નીચી થતી પાંસળીઓ પણ સ્પષ્ટ દેખાઇ આવતી. તપથી કાયાકૃશ બને છે, પણ આત્મા તેજસ્વી બને છે. સસક અને ભસક મુનિના જાણવામાં આ વાત આવતા, તેઓ સાધ્વીજીના રક્ષણાર્થે સુકુમાલિકા સાધ્વીની સાથે વિહાર કરવા લાગ્યા.

સુકુમાલિકા વિચારતી, 'જીવને આ શરીરનો સંયોગ થયો, એમાંથી જ આ બધી તકલીફો ઉત્પન્ન થાય છે ને! જન્મ અને મરણના ચક્રમાંથી મુક્ત ન થવાય ત્યાંસુધી આ જીવને એક અગર બીજારૂપે અવશ્ય ઉપાધિ રહેવાની જ.' આમ વિચારી સુકુમાલિકાએ અણશણ વ્રત અંગીકાર કર્યું. દિવસો પસાર થવા લાગ્યા. સુકુમાલિકા સંથારિયા પર પડી હોય, છતાં દૂરથી તેનો કોઇ આકાર પણ ન દેખાય. પ્રાણને અન્નની સાથે સંબંધ છે, અન્ન ન મળે તો દેહ જીર્ણ અને શીર્ણ બની જાય છે.

એક દિવસ તેનો શ્વાસ રોકાઇ ગયો છે, એવું દેખાવાથી સસક અને ભસક મુનિ સાધ્વીજી કાળધર્મ પામ્યાં છે, એમ માની તેને જંગલમાં પરઠવી આવ્યા. કર્મની ગતિ ભારે વિચિત્ર છે. જેનો અંત આવ્યો એમ આપણે માનીએ છીએ, તે તો માત્ર કોઇ નવી શરૂઆતજ હોય, એવું પણ બનતું અનુભવાય છે. જીવ, જ્યાંસુધી કર્મોથી વિમુક્ત ન બને, ત્યાંસુધી જીવે આ સંસારરૂપી નાટકના તખતા પર, નિયતિ નિર્મિત પાઠ ભજવવા જ પડે છે. સુકુમાલિકા સાધ્વીજીની બાબતમાં પણ આવુંજ બન્યું.

(૨)

નિર્જન વનમાં જ્યાં સુકુમાલિકાનો દેહ નિશ્ચેષ્ટ સ્થિતિમાં પડેલો હતો, ત્યાંથી પસાર થતાં એક સાર્થવાહે તે જોયો. તેઓએ જોયું કે આ સ્ત્રીને મૃત્યુ પામેલી માની કોઇ અહિં મૂકી ગયું છે, પણ તેનામાં ધીરા શ્વાસનો સંચાર છે.[1] સાર્થવાહ સાથે બાહોશ ચિકિત્સકો પણ હતા. પ્રાથમિક સારવાર કરી એક પાલખીમાં સુવરાવી સુકુમાલિકાને પોતાની સાથે લઇ લીધી. ઉંચી જાતના તેલ મર્દન અને કિંમતી દવાઓ આપી સુકુમાલિકાને સારી કરી. દેહની ક્ષીણતા દૂર થતાં, ચીમળાઈ ગયેલો છોડ પાણીથી જેમ નવપલ્લવિત બને છે, તેમ સુકુમાલિકાનું રૂપ પાછું ઝળકી ઉઠ્યું. કામને પ્રદીપ્ત કરે તેવા ઔષધો આપી સાર્થવાહે આ તપસ્વી નારીને ગૃહસ્થાશ્રમને યોગ્ય બનાવી. મહા બળવાન યોદ્ધો, સમર્થ જ્ઞાની કે યોગી પણ નારી પાસે પોતાનું ગૌરવ વીસરી જતાં હોય છે. અહિં તો કામભોગથી રંગાયેલા સાર્થવાહ સામે એક અપ્સરા જેવી રૂપવાન સ્ત્રી હતી, તે ક્યાંસુધી અચળ રહી શકે! **कान्ता कनक सूत्रेण वेष्टितं सकलं जगत्** અર્થાત્ સોનું અને સ્ત્રીરૂપ સૂત્રો વડે બધું જગત વીંટાયેલું છે.

સ્ત્રી સ્વભાવ વધુ પડતો ભાવનાશીલ હોય છે, તેમજ પ્રકૃતિ અને સ્વભાવથી તે અત્યંત કૃતજ્ઞ હોવાથી, સાર્થવાહે કરેલી સારવારની સુકુમાલિકા પર ભારે અસર થઇ. સ્ત્રીની સહૃદયતા, સરળતા અને સદ્‌ભાવનો ધૂર્ત પુરુષો હંમેશા ખોટો લાભ ઉઠાવતા હોય છે. સંસારનું ઉપાદાન (મૂળ) કારણ તો આસક્તિ છે અને વિષયો નિમિત્ત છે, પરંતુ તેમ છતાં નિમિત્ત કારણોથી સતત સાવચેત ન રહેવાય, તો એવો યોગી કે યોગિની, સંન્યાસી કે સંન્યાસિની, સાધુ કે સાધ્વી ગબડી પડે છે. આ કારણે જ જીવને નિમિત્તવાસી માનવામાં આવે છે. ખરબચડી જગ્યા પર ચાલવું સરળ છે, પણ જ્યાં લપસણી ભૂમિ આવે, ત્યાં જરાપણ

૧. જગપ્રસિદ્ધ ભોવાલ સંન્યાસી રાજકુમારની બાબતમાં પણ આમજ બન્યું હતું, જે પાછળથી રાજકુમાર તરીકે સાબીત થયો હતો. આ કિસ્સો ભારતમાં જ બનેલો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેદરકાર રહેવાય, તો લપસી જતા વાર નથી લાગતી. શાસ્ત્રોમાં આ કારણે જ બ્રહ્મચર્યની કડક નવ વાડો રચવામાં આવી છે. ગૌતમ જેવા ઋષિની પત્ની, સાધ્વી–સતી અહલ્યા પણ આવાજ નિમિત્ત કારણે ઈન્દ્રના હાથે છક્કડ ખાઈ ગઈ હતી.

અનંત યુગથી આ જીવ મનોવિકારથી ટેવાયેલો છે, તે અંગે તેને કશું શીખવવું નથી પડતું. જંગલમાં દવ લાગે છે, તેમાં અગ્નિ પ્રગટાવવો નથી પડતો, વૃક્ષોમાં અગ્નિ પડેલોજ હોય છે, અને ઘર્ષણ થતાં આપોઆપ દવ ઉત્પન્ન થતો હોય છે. એ રીતે જીવ માત્રમાં મૈથુનની સંજ્ઞા જન્મ સાથે જ આવતી હોય છે. નિમિત્ત કારણ ન મળે ત્યાં સુધી તો જીવો માત્ર વિશ્વામિત્ર જેવા ઋષિ સમાન હોય છે, પણ જ્યાં કોઇ મેનકાનો સંસર્ગ થાય ત્યાં તે લપસી પડે છે. અનાદિકાળથી સ્ત્રી અને પુરુષ વચ્ચે એક પ્રકારનું આકર્ષણ ચાલતું આવ્યું છે, એટલે અગ્નિ માફક તેવા નિમિત્તોથી દૂર રહેવામાં જ સલામતી છે. રથનેમિ અને સિંહ ગુફાવાસી જેવા મુનિના જીવનમાં જે સંઘર્ષ જાગ્યો, તેવો જ સંઘર્ષ સુકુમાલિકાના મનોમનમા પણ જાગ્યો. પરંતુ તે સંઘર્ષમાં આખરે સુકુમાલિકાના અચેતન મનમાં, સુષુપ્ત અવસ્થામાં રહેલા વાસનાના સૂક્ષ્મ બીજનો વિજય થયો. હવે તે સાર્થવાહની પત્ની બની ગઈ. મનના ઊંડા અગાધ તળિયે કેવા કેવા પ્રકારની લીલા રમાતી હોય છે? ઘડીમાં ત્યાગ, ઘડીમાં ભોગ, ઘડીમાં પ્રેમ અને ઘડીમાં ધિક્કાર!

(૩)

મહાન તપસ્વી સાધ્વીજીએ હવે ગૃહસ્થાશ્રમ અપનાવ્યો. પરિસ્થિતિ પલટાણી પણ સંસ્કાર તો એજ કાયમ રહ્યા. ધન અને વૈભવનો કોઇ પાર ન હતો. સાર્થવાહ સુકુમાલિકાનો પડયો બોલ ઝીલી લેતો. હવેલીમાં સાધુ સાધ્વી વહોરવા આવે, ત્યારે સુકુમાલિકા પોતેજ પોતાના હાથ ભક્તિપૂર્વક વહોરાવતી.

વિહાર કરતાં કરતાં સસક અને ભસક મુનિ યોગાનુયોગે તેજ હવેલીમાં ગોચરી લેવા પધાર્યા. સુકુમાલિકાએ યોગ્ય ખાદ્ય પદાર્થો વહોરાવ્યા. સુકુમાલિકા જાણતી હતી કે જૈન સાધુ સ્ત્રી સામે કદી ઉંચી નજરે દૃષ્ટિ પણ ન કરે, પણ અહિં આબેહૂબ મૃત્યુ પામેલી બેનના જેવી જ એક સ્ત્રીને વહોરાવતી જોઈ, બંને સાધુઓ તેની તરફ અપલક દૃષ્ટિએ જોઈ રહ્યા. બંને ભારે વિસ્મિત થયા અને મનમાં વિચાર આવ્યો કે હાડકાંના માળખા જેવી એ મહાન સાધ્વી અને કયાં વૈભવ વિલાસમાં ડૂબેલી રાજરાણી જેવી દેખાતી નારી! પણ ત્યાંતો સુકુમાલિકાએ જ હાથ જોડી સામેથી પૂછયું: મુનિ ભગવતો! આપને કયાંક જોયેલાં છે એવું યાદ આવે છે, પણ કયાં જોયા તેનું સ્મરણ નથી થતું.

સસક મુનિએ દ્રવિત સ્વરે કહ્યું: 'બાઇ! તમને જોઇને અમારી મૃત્યુ પામેલી બહેન સાધ્વી સુકુમાલિકાનું અમને સ્મરણ થઈ આવ્યું, તેથીજ તમારી સામે દૃષ્ટિ સ્થિર થઇ ગઇ.' મુનિ કશું આગળ બોલે તે પહેલાં તો સુકુમાલિકા મૂર્છિત થઈ ત્યાંજ ઢળી પડી. યોગ્ય ઉપચાર બાદ શુદ્ધિમાં આવી અને તેના ચક્ષુમાંથી અશ્રુનો ધોધ વહેવા લાગ્યો. પોતાની વિચિત્ર કહાણી બંને મુનિરાજોને કહી વિષણ્ણ હૈયે કહ્યું: 'હંસનું મન જેમ માન સરોસર વિના બીજે રમતું નથી, તેમ સાધ્વી જીવનના અનુભવ પછી, આ કાદવ કીચડમાં રહેવું મને ગમતું નથી. પણ પતન પામેલ એવી હું શું ફરી દીક્ષાને લાયક ગણાઉં?'

ભસક મુનિએ સુકુમાલિકાને આશ્વાસન આવતાં કહ્યું: "અગ્નિમાં જેમ લોખંડને પણ ગાળી નાખવાની શક્તિ છે, તેમ પશ્ચાત્તાપ રૂપી અગ્નિમાં પણ બધાં પાપોને બાળી નાખવાની શક્તિ છે. દૃઢપ્રહારી જેવો ક્રૂર હત્યારો પણ પશ્ચાત્તાપથી તે જ ભવમાં નિર્વાણ પદ પામી શકયો, ત્યારે તારે તો માત્ર સંજોગો અને પરિસ્થિતિને વશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવું પડયું છે. નંદિષેણુ જેવા વિચક્ષણુ મુનિને પણુ ભોગાવલી કર્મના કારણે સંસારમાં પડવું પડેલું, તેમ તારે પણુ ભોગાવલી કર્મોની જ આ બધી લીલા માનવી જોઈએ. ત્યાગ અને સંયમનો માર્ગ તો જગતમાં સૌ માટે સદા ખુલ્લો જ હોય છે."

કથા કહે છે કે સાર્થવાહની રજા લઇ સુકુમાલિકાએ ફરી દીક્ષા ગ્રહણુ કરી અને અણુસણુ આદરી અંતે સ્વર્ગની અધિકારી બની. પણુ આ મહાન સાધ્વીજી, તેના જીવન દ્વારા જગતમાં સાધુઓ અને સાધ્વીજીઓ માટે એક મહાન બોધપાઠ મૂકતા ગયા. આ બોધપાઠને ભર્તૃહરિના વૈરાગ્ય શતકના એક શ્લોકના અર્થ સાથે સરખાવી શકાય, જે આમ છે :– ભિક્ષા માગીને ગોચરી મેળવતો હોય, નીરસ અને માત્ર એક ટંક જ ખોરાક લેતો હોય, પૃથ્વીનો શય્યા તરીકે ઉપયોગ કરતો હોય, વૈયાવચ્ચ કરનારમાં માત્ર પોતાનો દેહ જ હોય, સેંકડો થીગડાં દીધેલી માત્ર ફાટેલી કંથા (સંન્યાસીનું વસ્ત્ર) જ હોય, તો તેવો સંન્યાસી પણુ વિષયથી મુક્ત હોવાનું તેણે એકાન્તે ન માની લેવું, કારણુ કે આવી રીતે જીવન જીવતાં સંન્યાસીમાં પણુ વાસનાનુ સૂક્ષ્મ બીજ હોવાની શકયતા છે.

ચક્રવર્તી અને ઇન્દ્રને જે સુખ અને શાંતિ નથી, તે સુખ અને શાંતિના અધિકારી સાધુ–સાધ્વી બને છે તે સાચું, પણુ તેથી જ તેઓએ વગર પ્રમાદે સતત જાગ્રત રહેવાનું છે. કોઈ કવિએ સાચું જ કહ્યું છે કે :–

સૂર સંગ્રામ હૈ પલક દો ચારકા,
સતી ઘમસાન પલ એક લાગે;
સાધ સંગ્રામ હૈ રૈન દિન ઝૂઝના,
દેહ પર જંતકા કામ ભાઈ.[2]

૨. શૂરાનો સંગ્રામ બે ચાર પળનો હોય છે. સતીનું યુદ્ધ એકાદ પળમાં ખલાસ થાય છે. ત્યારે સાધુનો સગ્રામ એવો છે કે દેહ છે ત્યાં સુધી રાતને દિવસ ઝૂઝવાનું હોય છે.

अविमृश्य कृतं कार्यं पश्चात्तापाय जायते ।
न पतंत्यापदंभोधौ, विमृश्य कार्यकारकाः ॥

વિચાર્યા વિના કરેલું કાર્ય પશ્ચાત્તાપને માટે થાય છે, અને જેઓ વિચારપૂર્વક કાર્ય કરે છે તેમને આપત્તિરૂપ મહાસાગરમાં પડવાનો વખત આવતો નથી.

* * *

नीरं निर्मलशीतलं कटुतरं स्यादेव निम्बादिषु,
दुग्धं सर्पमुखादिषु, स्थितमहो जायेत तीव्रं विषम् ।
दुश्शीलादिषु संगतं श्रुतमपि प्राप्नोत्यकीर्तिं परां,
धन्योऽयं विनयः कुपात्रमपि यः संभूषयेन्नित्यशः ॥

લીંબડામાં નાખેલું નિર્મળ અને શીતળ એવું જળ અત્યંત કટુ (કડવું) બને છે, સર્પના મુખમાં ગયેલું દૂધ તીવ્ર વિષને ઉત્પન્ન કરવાવાળું થાય છે અને દુઃશીલ પુરુષોમાં રહેલું શ્રુતજ્ઞાન અત્યંત અપકીર્તિ કરાવનારું થાય છે. માત્ર વિનય એક જ ધન્યવાદને પાત્ર છે; કારણુકે તે કુપાત્રને પણુ સર્વદા શોભાવે છે.



For Private And Personal Use Only

# દેના બેંક કૅશ સર્ટિફિકેટ

## ખરીદીને હવે ૨૦ વર્ષમાં આપનાં નાણાં આતગણાથી અધિક કરો !

**રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.**

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લોન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી થનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

| મુદત | વેચાણ કિંમત | પાકતી મુદતે મળનારી રકમ |
|---|---|---|
| ૨૦ વર્ષ | રૂ. ૧૩.૬૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૧૩૬.૪૬ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૬૮૨.૩૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૧,૩૬૪.૬૨ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૬,૮૨૩.૦૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૧૩,૬૪૬.૧૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૫ વર્ષ | રૂ. ૨૨.૪૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૨૨૪.૫૨ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૧૨૨.૬૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૨,૨૪૫.૨૧ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૧,૨૨૬.૦૭ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૨૨,૪૫૨.૧૩ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૦ વર્ષ | રૂ. ૩૬.૯૪ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૩૬૯.૪૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૮૪૭.૦૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૩,૬૯૪.૦૭ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૮,૪૭૦.૩૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૩૬,૯૪૦.૭૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| વર્ષ | રૂ. ૫૫.૦૨ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૫૫૦.૧૮ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૨,૭૫૦.૮૯ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૫,૫૦૧.૭૮ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૨૭,૫૦૮.૮૯ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૫૫,૦૧૭.૭૮ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૬૧ મહિના | રૂ. ૬૦.૨૮ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૦૨.૭૭ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૦૧૩.૮૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૦૨૭.૬૬ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૦,૧૩૮.૨૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૦,૨૭૬.૫૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૪ વર્ષ | રૂ. ૬૯.૮૬ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૯૮.૬૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૪૯૩.૦૭ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૯૮૬.૧૪ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૪,૯૩૦.૭૧ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૯,૮૬૧.૪૧ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ | રૂ. ૭૬.૪૧ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૭૬૪.૧૫ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૮૨૦.૭૪ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૭,૬૪૧.૪૯ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૮,૨૦૭.૪૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૭૬,૪૧૪.૯૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩

Rajan Batra/DB/O/278

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરમર્દ ખુશાલ ચેખલીયા

લેખકઃ—રતિલાલ મફાભાઈ શાહ–માંડલ

ખુશાલ વણોદના મેઘજી નામે વણિક વ્યાપારીનો પુત્ર હતો. પણ એની નસેનસમાં રાજપુતી લોહી ધબકતું હતું. એના પૂર્વજો સાણંદ ગોધાવી પાસે આવેલા ચેખલા ગામના વાઘેલા ક્ષત્રિયો હતા. પણ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી એમણે જૈનધર્મ સ્વીકાર્યો હોઈ એ વણિક વ્યાપારી બન્યે જતા હતા અને એમ જોઈએ તો આજના જૈનો મોટા ભાગે ક્ષાત્રય વંશોમાંથી ઉતરી આવેલા છે અને એ દૃષ્ટિએ ખુશાલના મૂળ પૂર્વજો વાઘેલા ગામ પરથી વાઘેલા સંજ્ઞા પામ્યા હશે અને શાખા પ્રશાખાઓમાં વહેંચાતા રહી ચેખલા ગામમાં સ્થિર થયા હશે.

ચેખલામાં એ હતા ત્યારે એમના તોફાનો ચાલ્યા જ કરતા. સાણંદવાળાઓ સાથે એમની રોજની તકરાર હોઈ ઘણીવાર એ એમને પીટી નાખતા. એકવાર તો અનેકોને મારી પણ નાખ્યા. આથી સાણંદના વણિકોએ અહમદશાહ બાદશાહ પાસે રાવ નાખી આવા માથાભારે લોકોથી રક્ષણ માંગ્યું. એક બે વાર તો વાઘેલાઓએ બાદશાહના સૈનિકોને પણ ઘાયલ કરી ભગાડી મૂકયા પણ રાજસત્તા સામે શું ચાલે? બાદશાહે એક મોટી ટુકડી મોકલી તો ચારે ચાર ભાઈઓ ભાગીને જુદા જુદા ગામોમાં વહેંચાઇ ગયા એમાંથી એક ભાઇ વણોદ આવીને વસેલા જે ખુશાલના પૂર્વજ હતા.

ખુશાલ જન્મથી જ બહાદુર, હિંમતવાન અને સાહસિક હતો. અસ્ત્ર શસ્ત્રો ચલાવવામાં પણ નિપુણ બન્યો હતો. એ જ્યારે નાનો હતો, ફક્ત બાર વર્ષની જ ઉંમર હતી ત્યારે એના લગ્ન લેવાયા. દેહ આખો દાગીનાઓથી લદબદતો હતો અને ઘરે લાપસી રંધાઇ રહી હતી. ત્યાં તો અચાનક સિંધી મુસલમાનોની ધાડ પડી. વણોદ લુંટાઇ ગયું. અનેકે સંપત્તિ ગુમાવી પણ એમાં ખુશાલ દાગીનાઓથી લદબદતો હોઇ સિંધીઓ એને ઉપાડી ગયા અને રાત્રે કચ્છના રણમાં ઉંટ પર બેસાડી એના પૂંછડે ખુશાલને બાંધી લુંટારા સૂઇ ગયા. બાર વર્ષની ઉમર છતાં ખુશાલે દાંતથી બંધન ખોલી નાખ્યા અને એ એકલો અંધારી રાતે ભાગ્યો અને ઘરે સહિસલામત પહોંચ્યો હતો.

આજથી ૧૫૦ વર્ષ પહેલાના કાળમાં અંગ્રેજ, મરાઠા અને મોગલ એમ ત્રણ સત્તાઓની ખેંચાખેંચીમાં, રસ્તાઓ સલામત નહોતાં કે નહોતાં ગામડાઓ સલામત. ધાડો પડવી એતો રોજની વસ્તુ થઈ પડી હતી અને તેથી લોકોને પણ શસ્ત્ર ધારણ કરી સજાગ રહેવું પડતું.

વીશ વર્ષનો યુવાન થયેલો ખુશાલ એકવાર પોતાના ૨–૩ ભેરૂઓ સાથે નજીકના ગામડે ગયો હતો ત્યારે સિંધીઓની એક ધાડ પડી. ગામ લુંટયું અનેકોને પીટી પૈસા કઢાવ્યા, પણ આ વખતે તો એમણે ધર્મમંદિર પર પણ હાથ નાંખ્યો અને સોનાની માનીને ધાતુની ત્રણ પ્રતિમાઓ પણ ઉપાડી ગયા.

ખુશાલ એના સાથીતો સાથે પાછો ફર્યો ત્યારે ગામમાં સન્નાટો છવાયો હોઇ ગામલોકોને એણે એનું કારણ પૂછ્યું તો હમણાં જ પડેલી ધાડની વાત સાંભળી અને તેમાં પણ ભગવાનની મૂર્તિઓ ઉપાડી ગયાની વાત જાણી એના લોહીનું કણેકણ ઉકળી ઉઠયું. ધાડો તો આ પહેલા પણ પડી હતી પણ ધર્મ ઉપર થયેલા આક્રમણથી એને અંગે અંગે ઝાળ લાગી ગઇ જેથી એણે પોતાના ભેરૂઓ સાથે ધાડપાડુઓની પુંઠ પકડવા ઘોડા મારી મૂકયા. લોકોએ જણાવ્યું કે આવું સાહસ કરવું ખોટું છે. કારણકે તમે ત્રણજ છો જ્યારે ધાડપાડુઓની સંખ્યા મોટી છે માટે વિચાર કરો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ધાડ નાની હોય કે મોટી હોય, પણ જ્યારે ધર્મ ઉપર આક્રમણ થાય ત્યારે વિચાર કરવા બેસાય જ નહીં. અને જે ધર્મરક્ષા માટે હોમાવા તૈયાર થાય છે એનું ધર્મ જ રક્ષણ કરશે. બાકી અમે ત્રણ હોઈએ તો તમે પણ છોજ ને! શું તમે બધા મરેલા પડ્યા છો? એટલે જેનામાં ધર્મપ્રેમ હશે એ મને સાથ આપશે જ. કાયર હોય તે ભલે ઘરમાં ચુડી પહેરીને સંતાઈ રહે."

આમ કહી ખુશાલે ધાડ ગયાના માર્ગે ઘોડા છૂટા મૂક્યા. દૂર દૂર ધૂળની ડમરીઓ દેખાતી હોઈ લુંટારા નજીકમાંજ હોવાની ખાત્રી થઈ આથી એમણે ઘોડાઓને પૂરપાટે દોડાવી મૂકી લુંટારાઓને આંબી લીધા.

"ખબરદાર! તૈયાર થઈ જાઓ. આ કાંઈ માટીનો માલ નથી તે લઈને ભાગ્યા છો! અને ભાગી ભાગીને હવે કેટલું ભાગશો? યાદ રાખો કે આ ખુશાલના ઝપાટામાંથી એકપણ જીવતો નહીં જાય." આમ કહીને એણે સટાસટ તલવારો વીંઝવા માંડી અને જેનામાં ધર્મરક્ષાનો ઉકળાટ હોય છે એનામાં ન કલ્પેલી શક્તિ પણ ઉભરાય છે. એથી એણે જોતજોતામાં ૫-૬ જણાને પાડી નાંખ્યા. ૨-૪ ઘાયલ થયા અને બાકીના આગળ નીકળી ગયેલાઓને સંદેશો પહોંચાડવા ભાગી છૂટયાં. લુંટનો માલ ભરેલ ઉંટો વજનના કારણે કાંઈક પાછળ રહી ગયેલા હોઈ, ખુશાલે બધોજ માલ કબ્જે કર્યો. પણ એમાંથી ભગવાનની મૂર્તિઓ કાઢી લઈ એ જલ્દી ગામમાં સહિસલામત સ્થળે પહોંચાડવા માટે એક ભેરૂને દોડતે ઘોડે વિદાય કર્યો. અને જણાવ્યું કે એ મૂર્તિઓ પહોંચાડયા પછી મને ખબર આપજે કારણકે આગળ ગયેલા ધાડપાડુઓ ફરી ત્રાટકયા વગર રહેવાના નથી.

માલ ભરેલા ઉંટો સાથે ખુશાલ પાછો ફર્યો પણ ત્યાં તો જોતજોતામાં પડકારા-દેકારા કરતાં ધાડપાડુઓ આવી પહોંચ્યા. બન્ને મિત્રો ઉંટને હાંકતા જાય અને દુશ્મનો ઉપર ઘા કરતા જાય. આમ એક ગાઉ દૂરથી ધીંગાણુ વધતું વધતું ગામના ઝાંપા સુધી આવી પહોંચ્યું. એક બાજુ ખુશાલ અને તેના મિત્રો હતા અને બીજી બાજુ મોટી સંખ્યા હતી ખુશાલ પુરો ઘવાયો હતો આખું શરીર લોહીથી લદબદ બની રહ્યું હતું. માથે પડેલી તલવારોના ઝાટકાથી એ નીતરી રહ્યો હતો. લોહીના રગેડાઓથી આંખો ભરાઈ જતી હતી. લોહી સાફ કરે ત્યારેજ દેખી શકાતું. આવી સ્થિતિમાં એ ગામના ઝાંપા સુધી આવી પહોંચ્યો હતો. ત્યાં તો ગામમાં જે મર્દવીરો હતા એ પણ શસ્ત્રસજ્જ બની હવે સહાયમાં આવી રહ્યા હતા એથી ગામને ઝાંપે ભારે ધીંગાણું ચાલ્યું. બન્ને પક્ષે ભારે ખુવારી થઈ છતાં માલ કબ્જે આવ્યો અને ધર્મની રક્ષા પણ થઇ શકી. એમ છતાં હજુ એક બાજુ ધીંગાણું ચાલી રહ્યું હતું ત્યાં ભેરૂએ આવી જણાવ્યું કે મૂર્તિઓ સહિસલામત સ્થળે પહોંચાડી દીધી છે. આ સાંભળીને ખુશાલના હૈયામાં આનંદનો પાર ન રહ્યો. અને એ આનંદમાં જ એણે દેહ છોડી દીધો. શરીર પર સેંકડો ઘા થયા હતા. લોહી વહેતું હતું અને નાડો પણ હવે તુટવા માંડી હતી છતાં એનો જીવ જતો નહોતો. પણ જ્યારે ધર્મરક્ષા થયાની વાત સાંભળી ત્યારેજ એણે શાંતિથી કર્તવ્ય બજાવ્યાના પૂર્ણ સંતોષ સાથે દેહ છોડી દીધો. એના બે મિત્રો પણ એની સમીપજ એવું જ વીરત્વ બતાવીને સદાને માટે પોઢી ગયા.

આ બે મિત્રોમાં એક હતો ભાવસાર અને એક હતો કંદોઈ. આજે પણ વણોદ ગામના ઝાંપે તળાવની પાળ ઉપર એ ત્રણે મર્દવીરોની ખાંભીઓ ઉભી છે જે ધર્મરક્ષા ખાતર આપેલા ભવ્ય બલિદાનની શૌર્યગાથા વર્ષોથી સંભળાવ્યા કરે છે.

ધન્ય છે ધર્મને ખાતર શહીદ બનનાર ખુશાલને અને એની ધર્મવીરતાને!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાણીનો સંયમ

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

દશવૈકાલિકસૂત્રના સાતમા અધ્યયનમાં સાધકે કેવી ભાષા બોલવી જોઈએ, તે વિષે સુંદર ઉપદેશ આપવામાં આવ્યો છે.

વાણીના દુરૂપયોગના કારણે જગતમાં મહાન યુદ્ધો લડાયાં છે, અનેક રાજકુટુંબો નાશ પામ્યાં છે, કુટુંબકલેશો થયા છે, આપઘાતો થયા છે, ખુનો થયાં છે અને લોહીની નદીઓ પણ વહી છે. ઇંદ્રપ્રસ્થના મહેલમાં પાંડવોએ જળસ્થળની ભુલભુલામણી ગોઠવી હતી, અને દુર્યોધન ત્યાં ગયો ત્યારે જયાં પાણી હતું ત્યાં પાણી ન દેખાવાના કારણે ચાલતાં ચાલતાં તેના કપડાં ભીંજાયા. દ્રૌપદી જરા દૂર હતી, પણ આ દશ્ય જોઈને બોલી ઉઠી: આંધળાના તો આંધળા જ હોય! આ શબ્દોએ જ મહાભારતના યુદ્ધનાં બીજ રોપ્યાં, અને પરિણામે લાખો માણસોએ પોતાની જિંદગી ગુમાવી. ધોબીની અવિચારી વાણીના કારણે સીતાને જંગલમાં જવું પડ્યું. કૈકેયીની કર્કશ વાણી દશરથરાજાના મૃત્યુનું કારણ બની. આ રીતે વાણી પરના સંયમના અભાવે જગતમાં કેટકેટલાએ ઉત્કાપાતો મચેલા છે.

દશવૈકાલિકસૂત્રમાં ભાષાના ચાર પ્રકાર આપેલા છે. (૧) સાચી (૨) ખોટી (૩) મિશ્ર (૪) વ્યાવહારિક આમાંથી પહેલી અને છેલ્લી બે ભાષા બોલવા માટે સાધકને ઉપદેશ આપવામાં આવ્યો છે. સાધકને સત્ય અને વ્યાવહારિક ભાષા પણ પાપરહિત, અકર્કશ, સંદેહરહિત, સર્વ પ્રકારે સ્પષ્ટતાવાળી, બડબડાટ વિનાની અને ઉદ્વેગ ન કરે એ રીતે બોલવાનું કહેવામાં આવ્યું છે. બીજાને પીડા થાય તેવું સત્યવચન પણ અસત્યજ છે, અને તે સંબંધમાં શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે:—

**अलियं न भासिअव्वं अत्थि हु सच्चं पि जंन वत्तेव्वं।**
**सच्च पि तं न सच्चं जं परपीडा करं वयणं ॥**

અર્થાત્ જેમ જુઠું બોલવું નહિ જોઈએ, તેમ સત્ય પણ કોઈ એવું હોય છે કે જે બોલવું નહિ જોઇએ; કારણકે સ્વરૂપે સત્ય છતાં પણ તે વચન સત્ય નથી કે જે બીજાને પીડા કરનારૂં હોય.

બર્ટ્રાન્ડરસેલે કયાંક લખ્યું છે કે: "થાકેલી તથા પરાણે દોડતી એક લોંકડીને મેં જોઈ, તે પછી શિકારીને મેં જોયા. મને તેમણે પૂછ્યું કે લોંકડી કઇ બાજુએ ગઇ, તો હું ખોટું બોલ્યો. આ પ્રસંગે હું સાચું બોલ્યો હોત તો હું વધારે સારો માણસ ગણાત એમ હું માનતો નથી." ગાંધીજીને આ લખાણ વિષે તેઓ શું ધારે છે તેમ પૂછવામાં આવ્યું ત્યારે જવાબ આપ્યો: પોતે લોંકડીને જોઇ છે એમ કબૂલ કરવાની ભૂલ જેણે પહેલા પ્રથમ કરી તે મોટા ફિલસૂફનો અભિપ્રાય મને માન્ય નથી. શિકારીને પ્રશ્નનો જવાબ આપવાને એ બંધાયેલા નહોતા. આથીજ કહેવાય છે કે **मौनं सत्यात् विशिष्यते** અર્થાત્ મૌન સત્યથી ચઠી જાય છે, અને આવા પ્રસંગે તો શબ્દના પ્રયોગને બદલે મૌનમાં જ વધુ સત્યોપાસના છે. સાધકે થોડી સત્ય અને થોડી અસત્ય એવી **नरो वा कुञ्जरो वा** જેવી ભાષાનો ઉપયોગ પણ ન કરવો ઘટે. કારણક આવી મિશ્ર ભાષામાં સત્યનો અંશ હોવાથી એક જાતની દંભવૃત્તિને માત્ર પોષણ મળે છે. જન્મીને જીવનમાં જેણે કદી પણ અસત્ય નહોતું ભાખ્યું એવા યુધિષ્ઠિરે યુદ્ધના મેદાનમાં દ્રોણાચાર્યને કહ્યું: "**अश्वत्थामा हतः**" બોલતાં બોલતાં ધર્મરાજાને આઘાત લાગ્યો એટલે દ્રોણાચાર્ય ન સાંભળે તે રીતે બોલ્યા '**नरो वा कुञ्जरो वा.**' પરન્તુ આ તો બધી જાતને છેતરવાની બાજી હતી; આ પ્રયોગને મિશ્ર ભાષાનો પ્રયોગ કહી શકાય.

મૃષાવાદ (મૃષા=જૂઠું: વાદ=કહેવું તે.) એટલે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખોટી વાત કહેવી તે. જૂઠા વચનનાં મુખ્ય ત્રણ લક્ષણો છેઃ અપ્રિય, અપથ્ય, અને અતથ્ય. જે વચન સાંભળતાંજ કડવું લાગે તે અપ્રિય. 'આંધળાના તો આંધળાજ હોય'–દ્રૌપદીના આ વચનને અપ્રિય કહી શકાય. જે વચનથી પરિણામે લાભ ન થાય તેવા વચનને અપથ્ય કહેવાય. કૈકેયીએ રામને વનવાસ અને ભરતને રાજ્યગાદીની વાત કરી તે વચનને અપથ્ય કહી શકાય. જે વચન મૂળ હકીકતથી જુદું હોય તેવા વચનને અતથ્ય કહેવાય. ધોબીએ ગુસ્સે થઈ પોતાની પત્નીને ઠપકો આપતાં સીતા સંબંધેનું જે વચન કહ્યું તે વચનને અતથ્ય કહી શકાય.

મૃષાવાદના માઠાં પરિણામ સંબંધમાં આપણા ધર્મશાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે 'મૃષાવાદી અન્યભવમાં જે જે જાતિમાં ઉપજે ત્યાં ત્યાં અપ્રિય બોલનારો થાય, તે હિતકર વચનો સાંભળે નહિ, બીજાઓ વિનાકારણે તેને તિરસ્કાર, અપમાનવાચક શબ્દો સંભળાવે, તેનો યશવાદ કોઇ બોલે નહિ, ભાષા કઠોર કડવી હોય, બુદ્ધિરહિત, મૂર્ખ, મૂંગો કે તોતડો બોલનારો થાય.' જીવને આવા યોગો મળવાના નિમિત્તમાં મુખ્ય કારણ મૃષાવાદ છે. અઢાર મહાપાપસ્થાનકો પૈકી મૃષાવાદ–કલહ આળ અભ્યાખ્યાન–પૈશુન્ય (ચાડી, ચુગલી)–પરપરિવાદ (પારકી નિંદા)–અને માયા મૃષાવાદના છ પાપો તો માત્ર અજ્ઞાનપણે બોલવાના કારણે જ થાય છે.

વાણીના સંયમની બાબતમાં અન્ય ધર્મશાસ્ત્રો અને બીજા દેશોના મહાન લોકોએ પણ ઘણું ઘણું કહ્યું છે. ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે કે જે વાકયથી કોઈનું મન દુઃખાય નહીં, જે સત્ય હોય, હિતકારી હોય, પ્રિય લાગે તેવું હોય તેવું વાકય બોલવું અને તેને વાણીનો તપ કહેવાય છે. ઉપનિષદ્‌ના ઋષિ ઇશ્વરને હમેશાં પ્રાર્થના કરે છે કે **जिह्वा मे मधुमत्तमा** અર્થાત્ હે પરમાત્મન્! મારી જીભ મધ કરતાં પણ વધુ મીઠી હો. બાઈબલમાં કહેવામાં આવ્યું છે કે : 'જો કોઇ માણસ વાણી દ્વારા દૂભવે નહિ તો તે પૂર્ણ પુરુષ કહેવાય, અને તે પોતાના આખા દેહ ઉપર કાબૂ રાખવાને સમર્થ થાય. નાનો તણખો પણ કેવી મોટીમોટી વસ્તુઓને સળગાવી મૂકે છે! આપણી જીભ પણ આગના તણખા જેવી છે. તે પાપનો ભંડાર છે. આપણાં અંગોમાં જીભ એવી છે કે એ આખા દેહને અપવિત્ર કરે છે, અને કુદરતની ઘટમાળને સળગાવી મૂકે છે, અને એ આગ નરકાગ્નિ જેવી હોય છે. દરેક જાતનાં પશુ, પંખી, સર્પ અને જળચરને પાળી શકાય છે, અને માણસોએ તેમને પાળ્યાં છે. પણ કોઇ માણસ જીભને પાળી શકતો નથી. એ કાબૂમાં ન રાખી શકાય એવું અનિષ્ટ છે, કાતિલ ઝેરથી ભરેલું છે. એ જીભ વડેજ આપણે આપણા પિતા પ્રભુને દુઆ દઇએ છીએ, અને એ જીભ વડેજ આપણે પ્રભુની પ્રતિકૃતિ સમા માણસને શાપ દઈએ છીએ. એક જ મુખમાંથી દુઆ અને શાપ ઉચ્ચારાય છે. ભાઈઓ; આમ ન થવું ઘટે. કોઇ ઝરણું એકજ સ્થળે મીઠું અને ખારૂં પાણી આપે ખરૂં?'

તુર્ક લોકોની કહેવત છે કે, 'તલવારથી પણ વધારે ભયંકર રીતે જીભ લોકોના ટોળાને બરબાદ કરી શકે છે.' એક ઇરાની કહેવત છે કે : 'લાંબી જીભ મોત અને બરબાદીને ઝડપથી આમંત્રી શકે છે.' ચીનની એક કહેવત છે કે: 'જીભને સંભાળવામાં ન આવે તો એ એક એવો શબ્દ પણ ઉચ્ચારી શકે છે, કે જેની ઝડપ પાણીદાર ઘોડાને પણ મારી હઠાવે છે.' એક અરબી મહાત્માએ કહ્યું છે કે, : જીભનો મોટો ભંડાર દિલ છે. જીભે દિલની રજા વગર બહાર નિકળવું ન જોઇએ. ગ્રીક ભાષામાં એક કહેવતનો એવો અર્થ થાય છે કે : 'હાડકાં વગરની જીભ નરમ અને નાની હોવા છતાં, એ નાજુક જીભમાં એટલી તાકાત છે કે તે માણસના ટુકડા કરાવી મારી નંખાવી શકે છે.' અરેબીક ભાષાની એક કહેવતનો અર્થ એવો થાય છે કે : જીભ ચૂકે એના કરતાં પગ ચૂકે એ સારૂં. પગ ચૂકે તો હાડકું ભાંગે, જે પાછું બેસાડી શકાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીભ ચૂકે તેનો કોઈ ઈલાજ નથી.' હિબ્રુ ભાષાની એક કહેવતનો અર્થ એવો થાય છે કે : 'તારો પગ ભલે લપસી જાય, પણ જીભને તો કદી લપસવા દઈશ નહીં.'

અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે : Language shows your breeding અર્થાત્ તમારા બોલવા ઉપરથી તમારૂં કુળ ઓળખાઇ આવે છે. એક વખત એક નાના ગામડાનો ગરીબ વણિક કોઈ વાઘરીની છોકરીને લઇ અમદાવાદ ગયો ત્યાં તેની સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમ ભોગવવા લાગ્યો. ભાગ્યવશાત્ ગરીબ વણિક મીલ માલિક બન્યો, અને પેલી વાઘરી કન્યા શેઠાણી બની મોટરમાં મહાલતી થઇ. થોડાં વરસો પસાર થયા બાદ પેલા વણિકના જ્ઞાતિ ભાઇઓ ગામડાની નિશાળના ફાળા અર્થે અમદાવાદ આવ્યા, અને વણિક શેઠે સૌને પોતાના બંગલે જમવાનું કહ્યું. શેઠાણી પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન કરવા રોટલી લઈને પીરસવાં નિકળ્યાં, અને પરાણે પીરસતાં એક ભાઈએ રોટલી લેવાની ના કહી. શેઠાણી તરત બોલી ઉઠયાં : 'હવે કુતરાના કાન જેવડી એક નાની રોટલીમાં તે વળી શું વધુ થઈ જવાનું છે ?' ગામડાના ભાઇઓ તો આ સાંભળીને ચમકયા, અને શેઠાણી સામે તાકીને જોઇ રહ્યા. પછી સૌ જાણી ગયાં કે શેઠાણી તો તેમના જ ગામની વાઘરી કન્યા હતી, પણ ભાગ્યવશાત્ શેઠાણી બની ગયાં હતાં. વાઘરી કન્યા શેઠાણી તો બની ગઇ, પણ તેની જીભ તેના જન્મ સંસ્કારોનું પ્રદર્શન કર્યા વિના ન રહી. માનસશાસ્ત્રીઓ અન્ય માણસો સાથેની ટુંકી વાતચીત પરથી જ તેઓના માનસ, કુળ, જાતિ, સંસ્કાર વિષે સમજી જાય છે.

જ્ઞાની પુરુષોએ આથી કરીને વાણી ઉપર સંયમ રાખવા માટે 'મિત ભાષણ' નો ઉપદેશ આપ્યો છે. મિત ભાષણ એટલે માપી માપીને બોલવું તે. **अल्पाक्षर रमणीयं यः कथयति स खलु वाग्मी** અર્થાત્ જે થોડા અક્ષરોમાં રમણીય અને સારયુક્ત બોલે છે તેજ ખરો વાગ્મી એટલે કે વાણીને માપીને બોલનારો વકતા કહેવાય છે. થોડું બોલવું એ સાચું બોલવાની શક્તિ કેળવવાનું પ્રથમ પગથિયું છે.

વાદવિવાદ કે દલીલોથી મતભેદ અને ઝઘડાઓનું શમન થતું નથી, કારણ કે એક પક્ષની દલીલો ગમે તેટલી સબળ અને મજબુત હોય તો પણ એવી પ્રત્યેક દલીલ સામે એવીજ સચોટ દલીલ આપી શકાય છે. પરિણામે દલીલો ખરી હશે તો પણ તે ખોટી હોય એવું જ પરિણામ આવવાનું.

મતભેદોને દૂર કરવા માટે તો એક બીજા પક્ષે સરળતા ઉદારતા હૃદયની વિશાળતા અને વિનમ્રતા હોવા જોઇએ. ઉત્તરાધ્યયન સૂત્રના ત્રેવિશમા અધ્યયનમાંથી આ હકીકત સહેલાઇથી સમજી શકાય છે. ભગવાન પાર્શ્વનાથની પરંપરાને માનતા કેશિમુનિ અને ભગવાન મહાવીરના ગણધર ગૌતમમુનિએ સાથે મળી, પાર્શ્વપ્રવૃત્ત ક્રિયા વિધિવિધાનોમાં, દ્રવ્ય ક્ષેત્ર-કાળ–ભાવને ધ્યાનમાં રાખી ભગવાન મહાવીરે જે સુધારાઓ દાખલ કર્યા તે સંબંધમાં બંને પક્ષોના સાધુઓના મનમાં ઉત્પન્ન થયેલી શંકાઓનું સુંદર સમાધાન કર્યું છે, અને કેશિમુનિએ એ સુધારાઓને કેવી ભવ્ય રીતે અપનાવી લીધા તેનું અદ્‌ભુત વર્ણન કરવામાં આવ્યું છે.

આજથી લગભગ ૨૫૦૦ વરસો પહેલાં આ બંને ભવ્ય વિભૂતિઓનું અનુપમ મિલન શ્રાવસ્તી નગરીના તિન્દુક વનમાં પોતપોતાના સાધુઓની સાથે થયું હતું. ગૌતમસ્વામી વયની દૃષ્ટિએ કેશિમુનિ કરતા નાના હતા, પરન્તુ જ્ઞાનની દૃષ્ટિએ મોટા હતા, કારણ કે તે સમયે તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યાય એમ ચાર જ્ઞાન હતાં. પરન્તુ તેમ છતાં, સરળ, વિનમ્ર, સંયમી અને તપસ્વી એવા ગૌતમ, કેશિમુનિ પાર્શ્વનાથના અનુયાયી હોવાના કારણે તેમને વડીલ કુળ જાણી પોતે મળવા ગયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મબંધનથી મુક્ત થઇ મુક્તિ મેળવવી, એ મૂળ ધ્યેય તો બંને સમુદાયના સાધુઓને માન્ય હતું, પરન્તુ વસ્ત્રપરિધાન, પાર્શ્વનાથ ભગવાને પ્રરૂપેલો ચાર મહાવ્રતોનો ધર્મ અને ભગવાન મહાવીરે કહેલો પાંચ મહાવ્રતોનો ધર્મ, તેમ જ વેશચિહ્નો ધારણ કરવાની બાબતમાં બંને સમુદાયના સાધુઓમાં ભિન્ન ભિન્ન રીતો પ્રવર્તતી હતી.

વેશ અને સમાચારી ભિન્ન ભિન્ન હોવા છતાં સાંપ્રદાયિક વ્યવહારની આંટીઘુંટી તેમને અસર ન કરી શકયાં. મૂળ ધ્યેય જાળવી, ક્રિયાઓમાં પરિવર્તન કરવા માટે બંને પક્ષના સાધુઓની સંપૂર્ણ તૈયારી હતી, કારણ કે તેઓ સારી રીતે જાણતા હતા કે દરેક ક્રિયાનો[1] મૂળ ઉદ્દેશ કષાયોને મંદ પાડી પર-ભાવમાં ગયેલ આત્માને સ્વ-ભાવ (સ્વ-ભાવ એટલે આત્માને કર્મોથી મુક્ત કરી સિદ્ધ થવું તે)માં લાવવા અર્થે જ હોય છે. આવા ધ્યેયને લક્ષમાં રાખી કરાતી તમામ ક્રિયાઓને તેઓ ધર્માચરણ રૂપ જ માનતા હતા.[2]

કયો પક્ષ સાચો હતો અને કયો પક્ષ ખોટો હતો એનું નિરાકરણ કરવા અર્થે બંને પક્ષોના સાધુઓનું એ ક્ષુલ્લક મિલન ન હતું. પરન્તુ, એ ભવ્યમિલનમાં સાથે બેસી મંત્રણા કરવાની દૃષ્ટિ હતી, અને એ દૃષ્ટિ પાછળ ક્રિયામાં દેખાતા ભેદોના કારણોનું સંશોધન કરવાની વિશુદ્ધ ભાવના હતી. એમાં કોઇને વિજેતા બનવાની ઇચ્છા ન હતી, કે ન હતી ઇચ્છા કોઇ પક્ષને હાર આપવાની બંને વિભૂતિ પોતપોતાના સાધુસમુદાય સાથે મળ્યા, ક્રિયા ભેદ અને ચાર તેમજ પાંચ મહાવ્રતોનાં કારણો તપાસ્યાં અને બધાને ખાતરી થઈ કે બંને સમુદાયના સાધુઓ વચ્ચે મૂળભૂત તત્ત્વો સંબંધમાં કશો જ ભેદ ન હતો. સમયધર્મને ઓળખી ક્રિયાના વિધિવિધાનોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-અને ભાવ દૃષ્ટિએ પરિવર્તન થયેલાં છે, થાય છે, અને થશે એ વિધાન સૌને મંજુર રહ્યું, અને કેશિમુનિએ સમયધર્મ સ્વીકારી ભગવાન મહાવીરની પરંપરામાં જૈન શાસનનો જયજયકાર બોલાવ્યો. ત્યાં કોઈ મધ્યસ્થ ન હતું, ત્યાં કોઇ સરપંચ ન હતાં, ત્યાં કોઈ ચૂકાદો આપનાર વિશિષ્ટ વ્યક્તિ પણ ન હતી.

શબ્દોમાં કેવી અદ્‌ભુત શક્તિ રહેલી છે, અને વાણીના સંયમથી કેવાં અલૌકિક પરિણામ આવે છે તે આવા દાખલાઓમાંથી સમજી શકાય છે. મહર્ષિ પતંજલીએ સાચું જ કહ્યું છે: **एकः शब्दः सम्यग् ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग् भवति ।** અર્થાત્ એક જ શબ્દ જો સારી પેઠે જાણ્યો હોય, શાસ્ત્રયુકત હોય અને સારી પેઠે પ્રયોગમાં આણ્યો હોય તો તે સ્વર્ગમાં અને આ લોકોમાં કામદોહી થાય છે.

---

૧. "નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયેરે જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયેરે." **શ્રી આનંદઘનજીકૃત શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.**

અર્થાત્ આત્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે આત્મામાં રમણ કરવા રૂપ જે ક્રિયા કરવામાં આવે છે તેનેજ અધ્યાત્મ કહી શકાય, તે સિવાયની બીજી ક્રિયાઓ તો માત્ર ચારે ગતિઓમાં ભ્રમણ કરાવવામાંજ મદદરૂપ થાયછે.

૨. ભગવાન બુધ્ધે પણ આવાજ અર્થમાં કહ્યું છે કે; "ધર્મ નૌકાની પેઠે તેમાં બેસીને પાર ઊતરવા માટે હોય છે, તેમાં બેસી રહેવા માટે નહિ. જેને તમે અધર્મ સમજો તે જ નહિ, જેને તમે 'ધર્મ' સમજો છો તેને પણ ત્યજી દેવાની જરૂર પડે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેજસ્વી પરિણામો



**કુ. રેણુકા કાંતીલાલ વોરા**

એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિ. મુંબઇ તરફથી લેવાયેલ એપ્રીલ '૭૫ની એમ. એ. ની પરીક્ષામાં ૬૩.૨ ટકા માર્કસ મેળવી ભાવનગરની ન. ચ મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. રેણુકા કે. વોરા પોલીટીકસ ગ્રુપમાં યુનિ. પ્રથમ આવ્યા છે. કુ. રેણુકા વોરા ભાવનગરની કાપડની વેપારી પેઢી મે. કાંતીલાલ રમણીકલાલવાળા શ્રી. કાંતીભાઈ નરોતમદાસ વોરાના પુત્રી છે.



**શ્રી હરેશ કાંતીલાલ શાહ**

માર્ચ ૧૯૭૫માં લેવાયેલ ગુજરાત એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં શ્રી. હરેશ કાંતીલાલ શાહ ૮૩.૧૪ ટકા માર્કસ મેળવી ભાવનગર કેન્દ્રમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલ છે, અને જસવંતસીંહજી સ્કોલર બનેલ છે. ઘરશાળા હાઈસ્કુલના તેજસ્વી વિદ્યાર્થી, વાણિજ્યનો અભ્યાસ કરીને C. A. થવાની મહત્ત્વાકાંક્ષા ધરાવે છે. તેઓ જૈન ઈતિહાસ અને ધાર્મિક અભ્યાસમાં ઊંડો રસ ધરાવે છે. શ્રી. હરેશ, આપણી સભાના લાઇફ મેમ્બર અને શ્રી. જૈન ધર્મ પ્રસારક સભાના સેક્રેટરી શ્રી. દીપચંદભાઇ જીવણલાલ શાહના પૌત્ર છે.



**કુ. શૈલા નવીનચંદ્ર શાહ**

માર્ચ ૧૯૭૫માં લેવાયેલ ગુજરાત એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં કુ. શૈલા નવીનચંદ્ર શાહ ૮૦.૧૬ ટકા માર્કસ મેળવી ભાવનગર કેન્દ્રમાં તૃતીય નંબરે ઉત્તીર્ણ થયેલ છે. ઘરશાળા હાઇસ્કુલની અતિ તેજસ્વી વિદ્યાર્થીની અત્યારસુધી તમામ પરીક્ષાઓમાં પ્રથમ આવેલ છે. અને ધાર્મિક અભ્યાસમાં ઉંડો રસ ધરાવે છે. તેઓ વિજ્ઞાનનો અભ્યાસ કરી ડોકટર બનવાની ઇચ્છા રાખે છે. કુ. શૈલા, આપણી સભાના પેટ્રન અને સર પી. પી. ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સના પ્રોફેસર શ્રી. નવીનભાઇ જયંતીલાલ શાહના પુત્રી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

સં. ૨૦૨૯ આસો વદી

| ફંડો અને જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| બીજા અંકિત કરેલા ફંડ :-(ઘસારા, સીકીંગ, રીઝર્વ ફંડ વિ.) | | |
| શ્રી ફંડનાં પરિશિષ્ટ મુજબ | | ૧,૫૪,૦૮૭-૦૩ |
| જવાબદારીઓ :- | | |
| ખર્ચ પેટે : | ૧,૦૮૩-૦૩ | |
| અગાઉથી મળેલી રકમો પેટે : | ૧૪,૫૯૪-૩૬ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે : | ૫૭૧-૦૦ | |
| અન્ય જવાબદારીઓ : | ૭,૧૯૨-૪૪ | |
| | | ૨૩,૪૪૦-૮૩ |
| સરવૈયા ફેરનાં : | | ૯-૬૮ |
| કુલ રૂા.... | | ૧,૭૭,૪૫૭-૫૪ |

ઉપરનું સરવૈયું મારી/અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથાં લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

ટ્રસ્ટીની સહી :- જાદવજી ઝવેરચંદ શાહ-મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત | રૂા. પૈસા | રૂા. પૈસા. |
|---|---|---|
| સ્થાવર મિલ્કત :–ગઈ સાલની બાકી : | ૧,૦૧,૮૨૧–૮૦ | |
| ઉમેરો ( વર્ષ દરમીયાન વધારો ) | — | |
| | | ૧,૦૧,૮૨૧–૮૦ |
| રોકાણો :–સીકયોરીટીઝ : શ્રી મહાલક્ષ્મી મીલ્સનાં શેરા : | | ૨૦૦–૦૦ |
| ડેડસ્ટોક અને ફરનીચર :– ગઈ સાલની બાકી : | ૪,૨૩૫–૦૦ | |
| (ઉમેરો : વર્ષ દરમીયાન વધારો) | — | |
| | | ૪,૨૩૫–૦૦ |
| સ્ટોક :–ટ્રસ્ટીશ્રીની પ્રમાણીત યાદી મુજબ : | | |
| પુસ્તક : | ૯,૪૭૮–૯૩ | |
| કાગળ : | ૧,૦૦૯–૩૭ | |
| | | ૧૦,૪૮૮–૩૦ |
| લોન :– ભાવનગર ઈલેકટ્રીક કું. | | ૫૫–૦૦ |
| એડવાન્સીઝ :– | | |
| નોકરોને : | ૪૧૯–૮૦ | |
| પુસ્તકો તૈયાર કરવા માટે : | ૩,૩૭૯–૦૬ | |
| બીજાઓને : | ૧,૬૪૭–૭૫ | |
| | | ૫,૪૪૬–૬૧ |
| વસુલ નહિ આવેલી રકમ :– | | |
| ભાડું : | ૨,૨૧૬–૫૭ | |
| બીજી આવક : | ૫૦–૦૦ | |
| | | ૨,૨૬૬–૫૭ |
| રોકડ તથા અવેજ :– | | |
| (અ) બેંકમાં ચાલુ ખાતે : | | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે : દેના તથા સ્ટેટ બેંક | ૧૪,૧૬૫–૯૫ | |
| બેંકમાં ફીકસ્ડ અથવા ડીપોઝીડ ખાતે દેવકરણ નાનજી | ૩૭,૩૫૬–૫૩ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે : નામ ભીખાલાલ ભીમજી | ૨૬૫–૩૪ | |
| પોસ્ટ ટીકીટો : | ૧૭૧–૭૬ | |
| | | ૫૧,૯૫૯–૫૮ |
| ઉપજ ખર્ચ ખાતું :– ગઈ સાલની બાકી ઉધાર : | ૬,૭૫૬–૮૭ | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના ઉપજ ખર્ચ ખાતા મુજબ : | — | |
| બાદ : ચાલુ સાલના વધારાના ઉપજ ખર્ચ ખાતા મુજબ : | ૫,૭૭૨–૧૯ | |
| | | ૯૮૪–૬૮ |
| કુલ રૂા..... | | ૧,૭૭,૪૫૭–૫૪ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

તા ૬–૨–૧૯૭૫ Sanghvi & Co.

ભાવનગર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૨૯ના આસો વદી અમાસના રોજ પૂરા

| આવક | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| ભાડા ખાતે : (લેણી / મળેલી) : | | ૭,૩૬૮–૦૦ |
| વ્યાજ ખાતે : (લેણી / મળેલી : | | |
| બેન્કના ખાતા ઉપર : | ૩,૧૦૬–૭૫ | ૩,૧૦૬–૭૫ |
| ડીવીડન્ટ : | | |
| દાન : રોકડ અથવા વસ્તુરૂપે મળેલ : | | ૫૧૮–૦૦ |
| બીજી આવક : | | |
| જ્ઞાન આવક : | ૧૩૯–૬૦ | |
| પસ્તી વેચાણ : | ૧૦૭–૭૩ | |
| જાહેર ખબર : | ૪૯૦–૦૦ | |
| પુસ્તક વેચાણ : | ૧,૨૪૪–૨૧ | |
| મેમ્બરશીપ ફી ખાતે : | ૨૦–૦૦ | |
| અન્ય આવક : | ૨૨–૧૦ | ૨,૦૨૩–૬૪ |
| રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા : | | ૪,૨૫૮–૦૦ |
| કુલ રૂા..... | | ૧૭,૨૭૪–૩૯ |

તારીખ ૬ ઠી ફેબ્રુઆરી ૧૯૭૫

જાદવજી ઝવેરભાઈ શાહ
મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## થતા વરસ માટે આવક અને ખર્ચનો હિસાબ

| ખર્ચ | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ : | | |
| મ્યુનિસિપલ ટેક્ષ : | ૮૪-૦૦ | |
| વીમો : | ૪૬૯-૨૦ | |
| | | ૫૫૩-૨૦ |
| અન્ય ખર્ચ : | | |
| વહીવટી ખર્ચ : | | ૩,૧૬૬-૯૦ |
| માંડીવાળેલી રકમો : | | |
| અન્ય લ્હેણા : | ૭૦-૦૦ | |
| | | ૭૦-૦૦ |
| પરચુરણ ખર્ચ : | | ૪૯૮-૯૮ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો : | | ૧,૫૪૨-૪૧ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ : | | |
| બીજા ધર્માદા હેતુઓ : | ૫,૬૭૦-૭૧ | |
| | | ૫,૬૭૦-૭૧ |
| વધારો સરવૈયામાં લઈ ગયા તે : | | ૫,૭૭૨-૧૯ |
| કુલ રૂા.... | | ૧૭,૨૭૪-૩૯ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ.

Sanghvi & Co.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તક પરિચય

'શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ' ભાગ ૧ લો. લેખક પૂ. મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ વિવેચક પૂ. પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ (કુમાર શ્રમણ) પ્રકાશક: શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાલા, પોસ્ટ સાઠંબા (સાબરકાંઠા) એ. પી. રેલ્વે. પ્રાપ્તિસ્થાન: પ્રકાશકો તેમજ શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ, ભાવનગર. પાન ૫૪૩+૪૫=૫૮૮ ક્રાઉન સોળ પેજી. પ્રત ૧૦૦૦ પ્રથમ આવૃત્તિ પ્રચારાર્થે મૂલ્ય રૂા. ૫-૦૦ પોસ્ટ ખર્ચ જુદું.

નવયુગ પ્રવર્ત્તક શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય સ્વ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી (બનારસ પાઠશાળાના સ્થાપક)ના શિષ્ય શાસન દીપક વ્યાખ્યાતૃ ચૂડામણિ નાનાં મોટાં સિત્તેર ગ્રંથોના લેખક સ્વ. મુનિરાજ શ્રી. વિદ્યાવિજયજીએ તેમના જીવનકાળ દરમિયાન આ પુસ્તક લખેલું, જે હાલમાં ગ્રંથાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગ્રંથમાં લગભગ બસો વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂળ લેખકનું જે લખાણુ છે તે પર તેમના જ પ્રશાંત શિષ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજે વિસ્તૃત વિવેચન કર્યું છે. ગ્રંથ ગુજરાતી ભાષામાં છે અને લોકભોગ્ય બનાવવા તદ્દન સાદી અને સરળ ભાષામાં પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજીએ તેની પર વિસ્તૃત વિવેચન કર્યું છે. બાળક, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધ સૌ કોઇ સમજી શકે એવો ભગવતી સૂત્ર પરનો ગુજરાતી ભાષામાં આ પ્રથમ અનુવાદ છે. પંડિત શ્રી અમૃતલાલ તારાચંદ દોશીએ લખી આપેલ મૂળ લેખક મુનિશ્રી વિદ્યાવિજયજીનું જીવન ચરિત્ર પણ આ ગ્રંથમાં સામેલ કરવામાં આવ્યું છે. ગ્રંથના સુશોભિત જેકેટ તેમજ ટાઇટલ પર સમોવસરણનું ત્રણ કલરનું ચિત્ર છે, જે ગ્રંથના ઉપદેશને બધી રીતે અનુરૂપ છે. આ ગ્રંથની પ્રસ્તાવના જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતાએ સુવાચ્ય ભાષામાં લખી આપેલ છે. ગ્રંથના પ્રચાર અર્થે મૂળ કિંમત કરતાં ઘણી ઓછી કિંમત રાખવામાં આવી છે. આવું પુસ્તક ટપોટપ ઉપડી જાય છે માટે જિજ્ઞાસુઓને પોતાની કોપી વહેલી મેળવી લેવાની વિનંતી કરવામાં આવે છે.

સાદા બુક પોસ્ટથી મંગાવનારે ૦-૬૦ પૈસા અને રજીસ્ટર બુક પોસ્ટથી મંગાવનારે ૨-૦૦ બે રૂપિયાના પોસ્ટ સ્ટાંપ્સ પોસ્ટેજના બીડવા.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ : ૧૯૭૫

સને ૧૯૭૫ના માર્ચમાં લેવાયેલ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની એસ. એસ. સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક 'એક' જૈન વિદ્યાર્થિનીને રૂા. ૩૦૦/- ની શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થિની શિષ્યવૃત્તિ આપવાની છે. એ અંગે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે, જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦ મી જુલાઇ છે.

---

—આ સભાનો ૭૯ મો વાર્ષિક ઉત્સવ આ વર્ષે તાલધ્વજ (તળાજા) ગિરિરાજ ઉપર સંવત ૨૦૩૧ ના જેઠ શુદિ ૬ રવિવાર તા. ૧૫-૬-૭૫ ના રોજ ઉજવવામાં આવેલ હતો. આ પ્રસંગે શ્રી તાલધ્વજ ગિરિ ઉપર સ્વ. શેઠ મુળચંદ નથુભાઈ તરફથી પૂજા ભણાવામાં આવી હતી. તેમજ વોરા હઠીસંગ ઝવેરભાઈ તરફથી મળેલી રકમના વ્યાજ તથા તેમના ધર્મપત્ની હેમકુંવરબેને આપવાની રકમના વ્યાજ વડે સભાના સભ્યોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ભાવનગરથી સભાસદ્ બંધુઓ સારી સંખ્યામાં પધાર્યા હતા. અને ઉત્સવ ભક્તિભાવપૂર્વક સારી રીતે ઉજવવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## સાચું માનશો ?

૬૦ × ૫ = ૩૭૮

૬૦ × ૧૦ = ૭૫૭

દર મહિને નિયમિત રૂપિયા ૫/-

**સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના**

**રિકરિંગ ડિપોઝિટ ખાતામાં**

બચાવવાથી ૬૦ માસને અંતે રૂપિયા ૩૭૮/- મેળવી શકાય.

આજે જ અમારી કોઇપણ શાખામાં

**રિકરિંગ ડિપોઝિટ ખાતું**

ખોલાવો અને આકર્ષક દરે વ્યાજ મેળવો.

# સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડ ઓફીસ : ભાવનગર-૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. न. पै |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ट्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. " " प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०-०० |

## અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

## ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૫-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૩-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૩-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૭-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩-૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬ ૨૫ |
| કાચું બાઈન્ડીંગ | ૫-૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only